**હરિજનોને થતી રંજાડ-કનડગત અંગેના કારણો શોધી દુર કરવા તકેદારી અધિકારીઓના ત્રિમાસિક અહેવાલના રીવ્યુ માટે રાજ્યકક્ષાની સમાતિની રચના અંગે.**

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : સમત-૧૩૮૫-૧૩૮૭-હ-સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૬-૧૨-૮૫

**ઠરાવ**

ભરૂચ જિલ્લા કંથારીયા ગામે હરિજનો ઉપર થયેલ હુમલા સંબંધમાં વિધાનસભા અનુ.જાતિઓના કલ્યાણ માટેની સમિતિએ સ્થળ પર જઈ જાત અહેવાલ મેળવી તેના સોળમાં અહેવાલમાં ભલામણ ક્રમાંક : ૧૪માં એવી ભલામણ કરી છે કે રાજ્યમાં જ્યાં જ્યાં હરિજન વસ્તી હોય ત્યાં સમાજ કલ્યાણ ખાતાના જવાબદાર અધિકારીઓએ દર ત્રણ કે છ માસે મુલાકાત લઈને હરિજનોને સમાજના અન્ય વર્ગો સાથે થતા ઘર્ષણના કારણો તપાસવા જોઈએ. ખાસ કરીને મિલક્તના દબાણ ઉપરના કિસ્સા અને તેમના માનવ હક્ક ઉપરના તરાપના કિસ્સા અને તેમને અપમાનીત કરતા તત્વો શોધીને તે અન્વયે જિલ્લા સમાજ કલ્યાણ તંત્રે વર્ષમાં બે વખત સમાજ કલ્યાણ વિભાગને અહેવાલ મોકલવાનું ધોરણ રાખવું જોઈએ અને આવા રજુ થયેલા અહેવાલની મંત્રી મંડળની બેઠકમાં વિચારણા કરીને અસરગ્રસ્ત ગામોમાં અનુ.જાતિની વ્યક્તિઓને રાહત મળે, તેમના માલ-મિલકત, જમીન ઉપરનું દબાણ રદ થાય, માથાભારે તત્વોની રંજાડ નાબુદ થાય તે માટે પ્રવર્તમાન ધોરણો મુજબ સત્વરે કાર્યવાહી કરી જરૂરી હુકમો સત્વરે થાય અને તેનો અમલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૨. સમિતિનો ઉપર્યુક્ત ભલામણ સરકારશ્રીની વિચારણામાં હતી અને વિચારણાને અંતે એવું નક્કી કરેલ છે કે સમાજ કલ્યામ ખાતામાં વિભાગીય કક્ષાએ નિમાયેલ તકેદારી અધિકારીઓએ હરિજનોને થતી કનડગત કે હેરાનગતી જેવા પ્રશ્નો બનાવના કારણો તપાસી, તે માટે સમાજ કલ્યાણ ખાતના તથા અન્ય સંબંધીત ખાતાના જિલ્લા / ક્ષેત્રીય અધિકારીઓ તરફથી આ પ્રશ્નોના નિરાકરણ બાબતે ક્યા પગલાં લેવા સંબંધિત કે આવશ્યક છે તે તપાસી બધી બાબતોને આવરી લેતા ત્રિમાસિક અહેવાલ સરકારને રજુ કરવો અને આવા અહેવાલની

રાજ્યકક્ષાની સમિતિ દ્વારા વિચારણા (Review) કરવી અને અહેવાલ સમાજ કલ્યાણ મંત્રીશ્રી તેમજ મુખ્ય મંત્રીશ્રીને રજુ કરવો.

૩. મહદ્દઅંશે હરિજનોને થતી કનડગત હેરાનગતિના મુળમાં જમીન માલ-મિલકત કે માનવ હક્કોના તપાસ અંગેની તકરાર હોય છે અને તે એક યા બીજા સરકારી ખાતા/પંચાયતોને સ્પર્શતી હોય છે. હરિજનોને થતી કનડગતોનાં મૂળમાં જે કારણો હોય તેનું નિરાકરણ થાય તો આપોઆપ હેરાનગતિ કે રંજાડ ઓછા થાય.. બીજા ખાતાઓનો પણ આ પ્રશ્નોના નિરાકરણોમાં સાથ અને સહયોગ જરૂરી બને છે. આવા ખાતાઓના સંબંધિત જિલ્લા કે ક્ષેત્રીય અધિકારીઓ તરફથી લેવાયેલ પગલાં કે કાર્યવાહી, વિભાગીય કક્ષાએ નિમાયેલ ત્રણ તકેદારી અધિકારીઓ તરફથી રજૂ થનાર ત્રિમાસિક અહેવાલોના રીવ્યુ માટે નીચે જણાવેલ અધિકારીઓની રાજ્ય કક્ષાની સમિતિ રચવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. સચવિશ્રી, સમાજ કલ્યાણ - કન્વીનર.

૨. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહવિભાગ, સભ્ય.

૩. સચિવશ્રી, મહેસુલ વિભાગ, સભ્ય.

૪. સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ વિભાગ, સભ્ય.

૫. નાયબ મુખ્ય પોલીસ અધિકારી (હરિજન એફેર્સ), અમદાવાદ - સભ્ય.

૬. નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, અમદાવાદ - સભ્ય સચિવ.

૪. સમિતિએ રીવ્યુ કરવાની બીજી બાબતોમાં જો બીજા વિભાગના પ્રશ્નો હોય તો સંબંધિત વિભાગના સચિવશ્રીને પણ મીટીંગમાં હાજર રહેવા માટે આમંત્રણ આપવાનું રહેશે.

૫. ઉપરોક્ત રાજ્ય કક્ષાની સમિતિ દ્વારા તકેદારી અધિકારીઓ તરફથી અહેવાલો નીચે દર્શાવેલ તારીખોએ મળી જાય અને ત્રિમાસિક બેઠક યોજાય તે અંગે નિયામકશ્રી, સમાજ કલ્યાણ યોગ્ય વ્યવસ્થા કરશે.

| ત્રિમાસીક સમયગાળો | નિયામકશ્રી, સ.ક. તરફથી અહેવાલ મળ્યા તારીખ. | બેઠકની તારીખ |
|---|---|---|

| | | |
|---|---|---|
| જાન્યુઆરીથી માર્ચ | ૧૫-૪ | મે મહિનાનું પ્રથમ અઠવાડિયું. |
| એપ્રિલ થી સપ્ટેમ્બર | ૧૫-૭ | ઓગસ્ટ મહિનાનું પ્રથમ અઠવાડિયું |
| જુલાઈ થી સપ્ટેમ્બર | ૧૫-૧૦ | નવેમ્બર મહિનાનું પ્રથમ અઠવાડિયું |
| ઓકટો. થી ડીસેમ્બર | ૧૫-૧ | ફેબ્રુઆરી મહિના નું પ્રથમ અઠવાડિયુ. |

સચિવોની કમિટી દ્વારા રીવ્યું કર્યા બાદ તે રીવ્યુ અહેવાલ સમાજ કલ્યાણ મંત્રીશ્રી અને માન. મુખ્ય મંત્રીશ્રીને પણ રજુ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
બાબુભાઈ સોલંકી
નાયબ સચિવ, ગૃહ વિભાગ

☆✪☆